ડેડિયાપાડામાં 150થી વધુ આદિવાસીએ ખ્રિસ્તીમાંથી ફરી હિન્દુ ધર્મ અંગીકાર કર્યો

રાષ્ટ્રીય ધર્મ જાગરણ મંચનો કાર્યક્રમ, ગરીબ આદિવાસીઓને પ્રલોભનો આપી ધર્માંતરણ કરાવાતું હોવાનો હિંદુ સંગઠનોનો આક્ષેપ

ડેડિયાપાડાઃ નર્મદા જિલ્લામાં નાતાલ પર્વે ધર્માંતરણનો મુદ્દો ફરીવાર ગરમાટો લાવ્યો છે. ડેડિયાપાડા ખાતે હિન્દુ સંગઠનો તેમજ સાધુ-સંતો દ્વારા એક વિશેષ 'ઘર વાપસી' કાર્યક્રમ રાખીને લગભગ 150થી વધુ આદિવાસી લોકોને અગાઉ ખ્રિસ્તી ધર્મમાં પરિવર્તિત બાદ હિન્દુ ધર્મનો અંગીકાર કર્યો છે. રાષ્ટ્રીય ધર્મ જાગરણ મંચના મંત્રી સોનજીભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, કથિત પાદરીઓ દ્વારા ઊંડાણમાં રહેતા આદિવાસીઓનું ધર્માંતરણ કરાવવામાં આવે છે. ઘણા આદિવાસીઓએ પોતે છેતરાયાનો અહેસાસની લાગણી વ્યક્ત કરી હતી. તેમની ભૂલને સુધારવા માટે સગા-સંબંધીઓની ઉપસ્થિતિમાં શાસ્ત્રોક્ત વિધિ દ્વારા તેમની ઘર વાપસી કરાવવામાં આવી છે. આદિવાસી સમાજની મૌલિક ઓળખ, અસ્તિત્વ અને સંસ્કૃતિ ધરોહર જાળવવા માટે આવા 'ઘર વાપસી' કાર્યક્રમો ભવિષ્યમાં પણ ચાલુ રાખવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, હિન્દુ સંગઠનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે ગરીબ આદિવાસી પરિવારોને પટાવી-ફોસલાવીને ખ્રિસ્તી ધર્મમાં જોડવામાં આવી રહ્યા છે. નાતાલના પર્વ નિમિત્તે મોટા કાર્યક્રમો યોજવા સામે રાષ્ટ્રીય હિન્દુ જાગરણ મંચ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી વિરોધ નોંધાવાયો હતો. બીજી તરફ ખ્રિસ્તી સમાજ દ્વારા પણ કાર્યક્રમો માટે મંજૂરી માંગવામાં આવતાં જિલ્લામાં આ મુદ્દે ભારે ચર્ચાસ્પદ બન્યો હતો.

ભાજપના જ કેટલાક આગેવાનોનાં બેવડાં ધોરણ સામે સાંસદ મનસુખ વસાવાની નારાજગી

ભરૂચના સાંસદ મનસુખ વસાવાએ આ મુદ્દે રોષ વ્યક્ત કરીને જણાવ્યું હતું કે, અમે હિન્દુત્વ માટે ગ્રાઉન્ડ કક્ષાએ લડીએ છીએ. અને અમારા ઘણા કાર્યકરોએ સંઘર્ષ વેઠવો પડે છે. આવી વિષમ સ્થિતિમાં ભાજપના કેટલાક આગેવાનો 'દૂધમાં અને દહીંમાં' પગ રાખી ધર્માંતરણના કાર્યક્રમોમાં હાજરી આપે છે. જે હવે બિલકુલ ચલાવવાના નથી. જો કે, જે આવા લોકોએ ઘરવાપસી કરી એ ખૂબ જ આવકારદાયક પગલું છે.

મજા બગડી: નેત્રંગ પોલીસે ૯ નશાખોરને દબોચી લીધા

નેત્રંગઃ ડિસેમ્બર માસના અંતિમ દિવસોમાં તહેવારોના માહોલ વચ્ચે નેત્રંગ પોલીસે એક્શન મોડમાં આવી શનિ-રવિવારની રજાઓમાં જાહેર સ્થળોએ નશો કરી ફરેલા નવની ધરપકડ હતી. ઝડપાયેલા પીધેલાઓમાં આનંદ રાજેશ વસાવા (રહે.,રતનપોર, ઝઘડિયા), સુનીલ પ્રેમદાસ વસાવા (રહે.,કાકડવા-નસારપોર, ઉમરપાડા), અશોક વાસુદેવ સાળી (રહે.,બગુમરા, પલસાણા), અમિત અનિલ વસાવા (રહે.,નાના જાંબુડા, નેત્રંગ), કિશન ગોવિંદ નાયકે (રહે.,ઓલવાન, મહારાષ્ટ્ર), પરિમલ માનસીંગ વસાવા (રહે.,મોટી અલમાવાડી, ડેડિયાપાડા), સુરેશ દલસુખ વસાવા (રહે.,ઉમરવાડા, અંકલેશ્વર), ઉમેશ ધીરજ પરમાર (રહે.,વગુશણા, ભરૂચ), કમલેશ ઝાલાવાડિયા (રહે.,ઝાડેશ્વર, ભરૂચ)નો સમાવેશ થાય છે.

બારડોલીના કીકવાડમાં રૂ.3.60 કરોડના દારૂ પર રોલર ફેરવાયું

ઈલ્યાસ શેખ

■ પલસાણા અને કડોદરા પોલીસ મથકની હદમાંથી પકડાયેલી કુલ 1.97 લાખથી વધુ દારૂની બોટલ કિં.રૂ.3.60 કરોડ પર સોમવારે રોડ રોલર ફેરવી દેવામાં આવ્યું હતું. પલસાણા પોલીસ મથક દ્વારા છેલ્લા 9 માસ દરમિયાન 70 કેસોમાં રૂ.1.97 કરોડની કિંમતની 79,222 બોટલો જપ્ત કરવામાં આવી હતી. જ્યારે કડોદરા પોલીસે છેલ્લા 16 માસમાં 133 ગુનાઓમાં રૂપિયા 1.62 કરોડની કિંમતની 1,18,282 બોટલો ઝડપી પાડી હતી. આ બંને પોલીસ મથકોના કુલ 203 ગુનામાં પકડાયેલા કુલ 1,97,504 બોટલનો નિકાલ કરવામાં આવ્યો હતો. બારડોલીના કિકવાડ ગામ પાસેથી પસાર થતા જૂના હાઈવેના પુલ ઉપર આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. કામરેજ પ્રાંત અધિકારી વી.કે.પીપળીયા, પલસાણા મામલતદાર મુકેશભાઈ પટેલ, DYSP એચ.એલ.રાઠોડ, પલસાણા PI ભગવાનભાઈ ઝીલેરિયા અને કડોદરા PI ભાવિક શાહ સહિતના ઉચ્ચ અધિકારીઓની દેખરેખ હેઠળ આ સમગ્ર જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો.

નેત્રંગના કાંટીપાડા ગામે જુગાર રમતા ૩ ઝડપાયા

નેત્રંગઃ નાતાલ અને ૩૧મી ડિસેમ્બરના તહેવારોને ધ્યાનમાં રાખીને જિલ્લામાં પ્રોહિબિશન અને જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓ નાબૂદ કરવા પોલીસ સતર્ક બની છે. નેત્રંગ પોલીસ સ્ટેશનના PI આર.સી. વસાવાના માર્ગદર્શન હેઠળ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, તે દરમિયાન બાતમી મળી હતી કે કાંટીપાડા ગામના ઝરણા ફોરેસ્ટ ફળિયામાં નિશાળ પાસે રહેતા મહેશ વસાવાના ઘરની પાછળ કેટલાક લોકો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડતાં પત્તા-પાનાનો જુગાર રમતા ત્રણ ઈસમ મહેશ ભાવસીંગ વસાવા, કાંતી ચુનીલાલ વસાવા અને મુકેશ વદેસીંગ વસાવાને ઝડપી લીધા હતા. પોલીસે ઘટના સ્થળેથી અંગજડતીના અને દાવ પરના મળી કુલ રૂ.૧,૭૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ દરોડા દરમિયાન અન્ય બે ઈસમ પ્રવીણ મિનેશ વસાવા અને બીપીન વિઠ્ઠલ વસાવા ભાગી છૂટતાં પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. નેત્રંગ પોલીસે તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

અમેરિકા રહેતા વારસદારના નામે 30 લાખનું લોન કૌભાંડ

નેત્રંગના કોડવાવ ગામમાં જમીન પર ખેતીવિષયક લોન લઈ લેતાં છ સામે ફરિયાદ

નેત્રંગઃ નેત્રંગઃ નેત્રંગ તાલુકાના કોડવાવ ગામે સરવે નં.૧૫ તથા સરવે નં.૩૬ જમીન પર ખેતીવિષયક લોન લેવા માટે અમેરિકા રહેતા વારસદારના નામે બોગસ દસ્તાવેજો બનાવી રાજપીપળાની બેંકમાંથી 30 લાખની લોન હડપવાનું કૌભાંડ સામે આવ્યું છે. આ મામલે નેત્રંગ પોલીસમાં પાંચ મહિલા સહિત કુલ છ શખ્સ સામે ગુનો નોંધાતાં ચકચાર મચી છે.

નેત્રંગના કોડવાવની સીમમાં આવેલી જમીનના મૂળ માલિક ગોપાળભાઇ દયારામભાઈ ભક્તનાં પ્રથમ પત્નીના પુત્ર મહેન્દ્રભાઇ હાલ અમેરિકા સ્થાયી થયા છે. ગોપાળભાઇના બીજા પત્ની સોમીબેન અને તેમની ચાર દીકરીઓએ (મહેન્દ્રભાઈની સાવકી માતા અને બહેનોએ) ૨૦૨૩માં જમીન બાબતે નેત્રંગ કોર્ટમાં દાવો કર્યો હતો. આ દરમિયાન મહેન્દ્રભાઇના પાવર ઓફ એટર્ની મોહિનીબેન ભક્તને જાણવા મળ્યું કે, રાજપીપળાની કેનેરા બેન્કમાંથી આ જમીન પર 30 લાખની લોન લેવામાં આવી છે. તપાસમાં બહાર આવ્યું કે મહેન્દ્રભાઇ અમેરિકા હોવા છતાં તેમના નામે ખોટી સહીઓ કરી સોગંદનામું તૈયાર કરવામાં આવ્યું હતું. આ સોગંદનામામાં મહેન્દ્રભાઇના બદલે પ્રફુલભાઇ નરસિંહભાઇ ભક્તનો ફોટો લગાવી બેન્ક સાથે છેતરપિંડી આચરવામાં આવી હતી. છેતરપિંડી ખુલી પડતા આરોપીઓએ ઉતાવળે લોન ભરપાઈ કરી દીધી હતી. મોહિનીબેનની ફરિયાદના આધારે નેત્રંગ પોલીસે સોમીબેન, ગીતાબેન, વર્ષાબેન, કુસુમબેન, તારાબેન અને પ્રફુલભાઇ ભક્ત (તમામ રહે., વાવ, કામરેજ) વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

ભ્રષ્ટાચારની આશંકાએ સાંસદે પેવર બ્લોકની કામગીરી અટકાવી

નેત્રંગ નગરમાં મુખ્ય રોડ રસ્તા પર હલકી કક્ષાના પેવર બ્લોક ફિટ થાય એ પહેલાં જ કામ અટકાવાયું

પ્રદીપ ગુર્જર

નેત્રંગઃ નેત્રંગ નગરના મુખ્ય માર્ગ પર ભાવના પાન સેન્ટરથી વનવિભાગની કચેરી સુધી ગત વર્ષે જિલ્લા સાંસદની ગ્રાન્ટમાંથી સીસી રોડનું નવનિર્માણ કરવામાં આવ્યું હતું. આ કામગીરી સમયે સ્થાનિક જવાબદાર પદાધિકારીઓ દ્વારા એજન્સી પર ચોકસાઈપૂર્વક સીધી દેખરેખ રાખવામાં ન આવતાં ભારે ગોબાચારી થઈ હતી, જેને કારણે ટૂંક સમયમાં જ આ સીસીરોડ બિસ્માર બની ગયો હતો.

સ્થાનિક રહીશોના ભારે વિરોધ બાદ, રસ્તો ટકાઉ બને અને લોકોની સમસ્યાનું નિરાકરણ આવે તે માટે ફરી એકવાર આ જ રસ્તા પર લાખો રૂપિયાના ખર્ચે પેવર બ્લોક નાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. હેતુ એવો હતો કે સારી ગુણવત્તાના બ્લોક નંખાય જે ભારેખમ વાહનોનું ભારણ ખમી શકે.

પરંતુ, ગુણવત્તાયુક્ત કામગીરી માટે ટેન્ડર બહાર પાડી જવાબદાર એજન્સીને કામ સોંપવાના બદલે, નિયમોને નેવે મૂકી પાંચ લાખ રૂપિયાથી અંદરના એસ્ટિમેટ તૈયાર કરી હલકી કક્ષાના પેવર બ્લોકથી કામગીરી શરૂ કરવાની પેરવી કરવામાં આવી હતી. આ બાબતની જાણ થતા નગરજનોએ ભરૂચ જિલ્લા સાંસદ મનસુખ વસાવાને રજૂઆત કરી હતી. જેના પગલે આજે સાંસદે નેત્રંગ ખાતે આવી ચાલી રહેલી કામગીરી અટકાવી દીધી હતી અને હલકી કક્ષાના પેવર બ્લોક તાત્કાલિક હટાવી લેવા ફરમાન કર્યું હતું. સાંસદની કડકાઈને પગલે પેવર બ્લોકના ઢગલા ઉઠાવી લેવાની ફરજ પડી હતી. હાલ આ કામગીરી અટકી ગઈ છે અને સાંસદે ફાળવેલી ગ્રાન્ટ પણ રોકી દીધી છે.

સંક્ષિપ્ત સમાચાર

અંકલેશ્વરના નવા પુના ગામનાં ખેતરોમાં કોલસી પાઉડર પથરાઈ ગયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર દાંડી હેરિટેજ માર્ગ પર નવા પુનગામ નજીક પાટિયા પાસેના વળાંક પર કોલસી પાઉડર ભરેલી એક ટ્રક અચાનક પલટી મારી જતાં અકસ્માત સર્જાયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી અને ટ્રકચાલકનો આબાદ બચાવ થયો હતો. અકસ્માત બાદ ટ્રકમાં ભરેલ કોલસી રોડ સાઇડ પર તેમજ નજીકના ખેતર પાસે આવેલા વરસાદી કાંસમાં ઠલવાઈ ગઈ હતી, જેના કારણે પાણીનો પ્રવાહ ખેતરો તરફ વળી ગયો હતો.

બૌધાન ગામની સીમમાંથી દારૂ ઝડપાયો

ઈલ્યાસ શેખ

પલસાણા:સુરત ગ્રામ્ય એલ.સી.બી.ને બાતમી મળી હતી કે, બૌધાનમાં ભવ્ય ફાર્મની પાછળ ખેતરમાં વિદેશી દારૂનો જથ્થો ઉતારવામાં આવ્યો છે. આ જથ્થો ઇનોવા અને અન્ય કારમાં ભરીને સગેવગે કરવાની પેરવી ચાલી રહી હતી. બાતમીના આધારે પીએસઆઈ એચ.સી.મસાણી અને તેમની ટીમે દરોડો પાડી સ્થળ પરથી ત્રણ કાર અને દારૂના જથ્થા સાથે ચાર આરોપીને દબોચી લીધા હતા. ૬,૨૧૬ બોટલ કિં.રૂ. ૧૫,૧૦,૮૦૦, બે ઇનોવા કાર અને એક કાર કુલ કિં.રૂ.૨૧,૦૦,૦૦૦, ૪ મોબાઈલ ફોન અને રોકડ રકમ મળી કુલ 32,72,600 રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પકડાયેલા આરોપીઓમાં વિશાલ મુકેશભાઇ મકવાણા (ભરૂચ), સાજન સતિષભાઇ પરમાર (કામરેજ), જેનીશકુમાર નિતીનભાઇ ચૌધરી (બારડોલી) અને સુનીલકુમાર કમલેશભાઇ પરમાર (કામરેજ)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત માલ મંગાવનાર અતુલ દિલીપભાઇ પરમાર અને મનોજ ગામીત સહિત અન્ય પાંચ શખ્સને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

તાતીથૈયામાં આધેડે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

પલસાણાઃ તાતીથૈયા ખાતે આવેલી સારથી ટાઉનશિપના રૂમ નં.383માં રહેતા વિલાશ અવચીતરાવ તુકારામ જાધવ (ઉં.વ.52, મૂળ રહે., દહીદબુધુગામ, તા.જિ.બુલથાના, મહારાષ્ટ્ર) છૂટક મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. રવિવાર, 28 ડિસેમ્બરના રોજ મોડી રાત્રે તેઓએ પોતાના ઘરના ધાબા પર જવાની સીડીના દરવાજાના લોખંડના એંગલ સાથે ચામડાના પટ્ટા વડે ગળે ફાંસો ખાઈ લીધો હતો. મૃતકના પુત્ર શુભમ જાધવના જણાવ્યા પ્રમાણે વિલાશભાઈને દારૂ પીવાની ટેવ હતી. તેમના મોટા દીકરાનું મૃત્યુ તેની પત્નીના કારણે થયું હોવાનું તેઓ માનતા હતા, જેના કારણે ઘરમાં વારંવાર ઝઘડા થતાં હતા. આ આઘાત અને કૌટુંબિક કલેશના કારણે તેમની માનસિક સ્થિતિ પણ સારી રહેતી ન હતી. અગાઉ પણ તેઓએ એકવાર આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

બારડોલીના ઉમરાખ ખાતે 'AI અને ડેટા સાયન્સ' પર બેદિવસીય વર્કશોપ સંપન્ન

બારડોલીઃ બારડોલી તાલુકાના બાબેન સ્થિત ઉમરાખ ખાતે આવેલી એસ.એન.પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (SNPIT) અને વિદ્યાભારતી ટ્રસ્ટ MCA કોલેજ દ્વારા તાજેતરમાં 'Artificial Intelligence and Data Science Applications' વિષય પર બેદિવસીય ઓફલાઇન વર્કશોપનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. AICTEના VAANI પ્રોજેક્ટના સહયોગથી 5 અને 6 ડિસેમ્બર-2025 દરમિયાન યોજાયેલા આ કાર્યક્રમમાં આધુનિક ટેક્નોલોજીના વિવિધ પાસાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે GTUના રજિસ્ટ્રાર ડો. કે.એન ખેર અને BosLeo Technologyના કો-ફાઉન્ડર જય દેસાઈએ ઓનલાઇન જોડાઈને શુભેચ્છાઓ પાઠવી હતી. જ્યારે SVNIT, સુરતના મેથેમેટિક્સ વિભાગના હેડ ડો. જયેશ ઘોડિયાએ વિશેષ ઉપસ્થિતિ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. વર્કશોપ દરમિયાન નિષ્ણાતો દ્વારા Generative AI, Cyber Security, અને Deep Learning જેવા મહત્વના વિષયો પર પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડો.રવીશ હિરપરા અને પ્રો. કાજલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાના ટ્રસ્ટીગણ અને સ્ટાફે આ સફળ આયોજન બદલ ટીમન અભિનંદન પાઠવ્યાં હતાં.

કૂતરાંના ત્રાસથી હવે ઘરમાંથી બહાર નીકળવાનું પણ મુશ્કેલ!

કુકરમુંડામાં રખડતાં કૂતરાંનો ત્રાસ વધતાં મામલતદારને લેખિત રજૂઆત

કુકરમુંડાઃ કુકરમુંડા ગામના ગલી-મહોલ્લાઓમાં રખડતાં કૂતરાંના વધતા ત્રાસથી સ્થાનિક નાગરિકોમાં ભય અને અસુરક્ષા ફેલાઈ છે. આ ગંભીર સમસ્યા અંગે ગામના પીયૂષ છોટુભાઈ ખાટીક દ્વારા તા.૨૬/૧૨/૨૦૨૫ના રોજ મામલતદારને લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવ્યું છે કે, ગામના મુખ્ય માર્ગો તેમજ ગલીઓમાં રખડતાં કૂતરાઓની સંખ્યા સતત વધી રહી છે, જેના કારણે નાનાં બાળકો, વૃદ્ધો તથા નાગરિકો માટે બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. ખાસ કરીને રાત્રિના સમયે દ્વિચક્રી વાહન ચાલકો પાછળ કૂતરાં દોડવાના બનાવો વધી રહ્યા હોવાથી અકસ્માતનો ભય સતાવતો રહે છે. આ સમસ્યા અંગે અગાઉ તા.૨૭/૧૧/૨૦૨૫ના રોજ તલાટી-કમ-મંત્રી ગ્રામ પંચાયત ફૂલવાડી સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી હતી, છતાં પણ આજદિન સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે સ્થિતિ યથાવત રહેતાં લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. રખડતાં કૂતરાંથી થતાં જોખમોમાં કૂતરાં દ્વારા હુમલા, 'હડકવા' જેવી જીવલેણ બીમારી ફેલાવવાનો ભય, ગંદકી અને અસ્વચ્છતા તેમજ રાત્રિના સમયે સતત ભસવાથી અશાંતિ સર્જાતી હોવાની ફરિયાદ કરવામાં આવી છે. અરજદારે મામલતદારને વિનંતી કરી છે કે, રખડતાં કૂતરાંને પકડવા માટે તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે, ખસીકરણ અને હડકવા વિરોધી રસીકરણની ઝુંબેશ ચલાવવામાં આવે તેમજ સંબંધિત ગ્રામ પંચાયતને સૂચના આપી લોકહિતમાં જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવે એવું જણાવાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રખડતાં કૂતરાંની સમસ્યા કુકરમુંડા તાલુકાનાં અનેક ગામોમાં થઈ રહી છે. જેથી સત્વરે આ સમસ્યાનું નિરાકરણ આવે એ જરૂરી બન્યું છે.

બારડોલીના સરભોણ ગામે દફનવિધિ બાબતે વિવાદ

આદિવાસી પરિવારે પ્રાંત અધિકારીને રજૂઆત કરી

બારડોલીઃ સરભોણમાં યુવક અને બાળકીના મૃતદેહની દફનવિધિ કરતાં અટકાવતા કેટલાક ગ્રામજનોએ બારડોલી પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું છે.

સરભોણ ગામના આદિવાસી સમાજના ગૌરવભાઈ જીતુભાઈ ચૌધરી અને એક બાળકીના મૃત્યુ બાદ, જ્યારે પરિવારજનો સરભોણના 'ધોબિયો વગો' તરીકે ઓળખાતી સરકારી જગ્યાએ દફનવિધિ કરવા ગયા, ત્યારે સ્થાનિક ત્રણ વ્યક્તિએ આ પરિવારને અટકાવ્યો હતો. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, મૃતકનો પરિવાર ગામના એક જૂથમાંથી અલગ થયો હોવાની અદાવત રાખીને રમેશભાઈ કાનજીભાઈ ચૌધરી, બચુભાઈ ભુલાભાઈ ચૌધરી અને જયેશભાઈ પરષોત્તમભાઈ ચૌધરીએ દાદાગીરી કરી હતી.

પરિવારનો આક્ષેપ છે કે આ શખ્સોએ સરકારી જમીન પોતાની હોવાનું જણાવી મૃતકના પરિવારને અપમાનિત કરી ત્યાંથી હાંકી કાઢ્યા હતા. આ ઘટનાને પગલે સમગ્ર આદિવાસી સમાજની લાગણી દુભાઈ છે. આજે મોટી સંખ્યામાં એકઠા થયેલા ગ્રામજનોએ બારડોલી પ્રાંત કચેરી ખાતે લેખિત રજૂઆત કરી, આ મામલે તટસ્થ તપાસ કરી કડક પગલાં ભરવા વિનંતી કરી છે.

વડદલા પાસે હાઈવે પર વાહન અડફેટે શાહપુરાના યુવકનું મોત

ભરૂચઃ ભરૂચના શાહપુરા ગામે રહીને મજૂરી કરતાં મુકેશભાઈ રમણભાઈ વસાવાનો એકનો એક દીકરો અમિત મુકેશભાઈ વસાવા (ઉં.વ.28) છૂટક ડ્રાઈવિંગનું કામ કરે છે. તા. 28મીના રોજ સવારે અમિત ભરૂચથી ઘરે આવતા વડદલા શેર-એ-પંજાબ હોટેલની સામે હાઈવે પર કોઈ અજાણ્યા વાહનચાલકે અમિતની બાઈક (નં.GJ 16 BM 7692) ને જોરદાર અડફેટે લીધી હતી. ઘટના બનતા અજાણ્યો વાહનચાલક ભાગી ગયો હતો. જેમાં અમિતને ગંભીર ઈજા થતા ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખાતે ICUમાં સારવાર અર્થે દાખલ કર્યો હતો. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. ભરૂચ સી ડિવિઝન પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધીને વધુ કાર્યવાહી કરી છે.

નેત્રંગમાં ૧૫ વર્ષથી તૂટેલા ચેકડેમોનું સમારકામ કરવામાં તંત્ર નિષ્ફળ

અમરાવતી નદી પરના ચેકડેમોના દરવાજા બંધ ન થતાં પાણીનો વેડફાટ



પ્રદીપ ગુર્જર

નેત્રંગઃ નેત્રંગ નગર સહિત સમગ્ર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં દર ઉનાળામાં પાણીની ગંભીર સમસ્યા સર્જાય છે. આ સમસ્યાના નિવારણ માટે સરકાર દ્વારા જળસંચય પર ભાર મૂકવામાં આવી રહ્યો છે અને નદી-નાળાઓ પર ચેકડેમો બનાવી જળસ્તર ઊંચા લાવવાના અથાક પ્રયત્નો થઈ રહ્યા છે.

નેત્રંગ નગરમાંથી વહેતી અમરાવતી નદી (ખાડી) પર રાજ્ય સરકાર દ્વારા ત્રણથી ચાર ચેકડેમો બનાવવામાં આવ્યા છે. જો કે, તંત્રની બેદરકારીને કારણે આ ચેકડેમો હાલ જર્જરિત અવસ્થામાં છે. ગાંધીબજાર વિસ્તારમાં આશરે ૩૫ વર્ષ પહેલાં ભરૂચ પાણી પુરવઠા વિભાગ દ્વારા નિર્મિત ચેકડેમ આજે પણ અડીખમ છે, પરંતુ તેની એક તરફનો ભાગ છેલ્લાં ૧૫ વર્ષથી તૂટી ગયેલો છે. આ બાબતે અનેક રજૂઆતો છતાં ગ્રામ પંચાયતના વહીવટકર્તાઓએ તેની મરામત કરાવવાની તસ્દી લીધી નથી. તેવી જ રીતે, જૂના નેત્રંગ વિસ્તારમાં પંચાયત વોટર વર્ક્સ પાસે આવેલા ચેકડેમનો જમણી તરફનો ભાગ પણ ક્ષતિગ્રસ્ત છે. જો આ ચેકડેમના દરવાજા વ્યવસ્થિત રીતે બંધ કરવામાં આવે, તો મોટા પાયે જળસંચય થઈ શકે તેમ છે. ચોમાસું વિદાય પામ્યું હોવા છતાં, નેત્રંગ ગ્રામ પંચાયતને હજુ સુધી જળસંચયનું મહત્ત્વ સમજાયું હોય તેમ લાગતું નથી. તૂટેલા ચેકડેમોનું સમારકામ ન થવાને કારણે કીમતી પાણી વહી રહ્યું છે.

નગરજનોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે, ગ્રામ પંચાયતના સત્તાધીશોને જળસંચય જેવાં લોકઉપયોગી કાર્યોમાં રસ નથી, પરંતુ તેઓ માત્ર 'મલાઈ' મળે તેવા પેવર બ્લોકના રસ્તાઓ બનાવવામાં જ વધુ રસ દાખવી રહ્યા છે.